# અગ્નીની નહીં પણ કુદરત અને નાતપંચની સાક્ષીએ લગ્ન

‘અમારામાં કોઈના ત્યાં દીકરાનો જન્મ થાય તો વસાહતમાં દાંડી પીટવાનો રિવાજ છે’

‘એટલે?’

‘અમે ઢોલ, શરણાઈ સાથે કામ કરનારા એટલે ઢોલ તો ઘરમાં હોય જ. આવામાં મારા ઘરે દીકરાનો જન્મ થાય તો અમે એ ઢોલ લઈને વગાડીએ. અવાજ સાંભળી ઘર બહાર આવનાર સૌને અમે દીકરાના જન્મની વધારણી આપીએ.’

‘સરસ પણ આ રિવાજ ખાલી દીકરા પુરતો કે દીકરી આવે ત્યારે પણ દાંડી પીટાય?”

મારી વાત સાંભળી ડીસા નટ વસાહતના આગેવાન કીશનકાકા ઘડીક ચુપ થઈ ગયા. મેં ફરી પૂછ્યું કાકા?

દીકરી આવે અમે દાંડી નથી પીટતા!

ખબર નહીં’

‘તમારામાં કોઈના ઘરે ચાર દીકરી હોય અને પાંચમી દીકરી આવે તો એમને ગમે કે નહીં?

‘અરે બેન આ શું બોલ્યા. બાળકો તો ભગવાનની દેન. દીકરો દીકરી એ કાંઈ આપણા હાથની વાત છે અમને તો બેય વાલા. ખોટું નહીં કહું દીકરો આવે તો ઘડપણની લાઠી થાશે એમ માનીવે પણ દીકરીને અમે નકારીએ નહીં.

એવ એટલી જ વહાલી’

‘દીકરા દીકરીમાં કોઈ ભેદ નહીં?’

‘ના બેન જરાય નહીં’

‘પાંચ દીકરીની મા ફરી મા બનવાની હોય તો ડોક્ટર પાસે એનું ગર્ભ પરીક્ષણ કરાવો છો કે નહીં?

‘અમારામાં એવું બધું ના થાય બેન. દીકરી આવી એ એનું નસીબ લઈને આવી હોય એમાં આપણે શું કરીએ’

ગર્ભ પરીક્ષણ કરાવતા જ નથી તો પછી દીકરીને ગર્ભમાં મારી નાખવાનું તો આ સમાજમાં ક્યાંથી થાય? છતાં દાંડી નથી પીટાતી એ કાંક દીકરીઓ પ્રત્યે અણગમો દર્શાવનારુ લાગતું હતું. નટ સમાજમાં સ્ત્રીઓની શું સ્થિતિ છે તે જાણવા મેં કાકાને પૂછ્યું, ‘તમારામાં નાતપંચ જ બધા નિર્ણય કરે ને કોઈ દિવસ પોલીસ કેસ થાય?’

“નાતપંચના નિર્ણયને કોઈ ના ઉથામે અને પોલીસ સ્ટેશનનું પગથિયું અમારો નટ ક્યારેય ના ચડે.’

‘કોઈ દીકરી લગ્ન કરીને સાસરે જાય પછી સાસરીવાળા એને ત્રાસ આપે અથવા મારઝૂડ કરે અને આ ફરિયાદ નાતપંચમાં આવે તો તમે શું કરો?”

‘અમે સાસરીવાળાને સમજાવીએ. જરૂર પડે દંડ કરીએ. લગ્ન પછી છોકરો ના ગમતો હોય તો એ લખણુ (છૂટુ) લઈ શકે. પણ નાતના રિવાજ પ્રમાણે જે છુટુ માંગે એને સામેવાળાને રૂ.૫૧,૦૦૦ સુધી અથવા નાતપંચ કહે તે રકમ આપવી પડે. અમારામાં છોકરા છોકરીનો ભેદ ના હોય બેન. ઉલટાનું અમે પંચો તો સ્ત્રીઓનું સન્માન સચવાય એ દિશામાં વધારે ધ્યાન આપીએ. અમારામાં કોઈ પરણીત સ્ત્રી પરણીત પુરુષને લઈને ભાગી જાય તો અમે પરણીત પુરુષ જે સ્ત્રીને ભગાડી ગયો છે. તેને પાછો બોલાવી એના માથે મોટો દંડ નાખીએ. કેમ કે, બેયના ઘેર નાના નાના છોકરાં હોય એ મુકીને બેય ભાગી જાય તો છોકરાં રખડી પડે. મા-બાપ ભેય વના છોકરાંની દશા

ખરાબ થાય એટલે છોકરીને ભગાડી જનાર છોકરાં માથે દંડ નાખીએ’ ‘પણ કોઈ સાથે જતી રહેલી બહેનને તેના ઘરવાળા એટલે કે તેનો પતિ ફરી રાખવા તૈયાર થાય?

એ તો ના જ પાડે પણ પછી નાતપંચના નિર્ણયને એ પાછો ના ઠેલી શકે. પાછુ અમે પૈસા પણ આપીએ ને? જે વ્યક્તિ બહેનને ભગાડી ગયો હોય એને પંચ બે લાખ સુધીનો દંડ કરીએ. એ દંડની રકમમાંથી અમે એ બહેનના પતિને પૈસા આપીએ. જેથી બહેનને સાસરીવાળા મેણા ટોણા ના મારે અને બંનેનું ઘર સચવાઈ જાય. છતાંય કોઈ કિસ્સામાં કોઈ પતિ એની પત્નીને બીજા સાથે જતી રહી હોવાનું કહીને



**અમે ઢોલ, શરણાઈ સાથે કામ કરનારા એટલે ઢોલ તો ઘરમાં હોય જ. આવામાં મારા ઘરે દીકરાનો જન્મ થાય તો અમે એ ઢોલ લઈને વગાડીએ. અવાજ સાંભળી ઘર બહાર આવનાર સૌને અમે દીકરાના જન્મની વધારણી આપીએ**

**આપણી આસપાસ**

**★ મિત્તલ પટેલ**

સ્વીકારવાની ના પાડે તો અમે એ દીકરીને એના પિયર મોકલી દઈએ. પણ એ ભાઈ ફરી પરણવા ઈચ્છે તો એને બીજીવાર પરણવા કોઈ નટ પોતાની દીકરી ના આપે.

આમ કરવા પાછળનું કારણ સમજાવતા કિશનકાકાએ જણાવ્યું કે, ‘માણસ છીએ ભૂલો તો થાય. માફ કરવું એજ તો સંસાર છે. આવી ભૂલોને લઈને છૂટાછેડા આપવાનું કરીએ તો બાળકોનું શું થાય? દીકરી ભલે ભાગી ગઈ એની સમજણ નથી પણ એના વસ્તારનો એમાં શું વાંક? એ છોકરાં તો મા વગરના રહેવાના ને! અનેઘારો કે બીજી મા આવે તો એ ખરી મા તો ના જ બની શકે ને? પોતાની પત્નીએ આવું કર્યું એટલે ગુસ્સો આવે એટલે રાખવાની ના પાડે પણ પછી ઘરમાં નાના છોકરાં સાચવનારી બીજી ના મળે એટલે ના છૂટકે પછી એને પાછી લઈ આવશે. ઘર તુટતા અટકે અને બાળકો મા વગરના ના થાય એનું અમે ખાસ ધ્યાન રાખીએ.’

સ્ત્રીઓનું આટલું ધ્યાન રાખીએ છતાં એના જન્મ વખતે દાંડી નથી પીટતા એ યોગ્ય નથી લાગતું એવું કિશનકાકા અને તેમની સાથે હાજર દેથલીગામની નટ વસાહતના આગેવાન ઉપાબહેનને કહ્યું. ઉપાબહેન એકદમ યુવાન બહેન આખી વસાહતનો વહીવટ કરે. વળી તે સિદ્ધપુરના દેથલીગામમાં ઉપસરપંચ તરીકે પણ ફરજ બજાવે.

મારા આ સવાલ સામે કાકા અને ઉપાબહેનથી લઈને અન્ય સૌ મૌન જ રહ્યા. કાકા સાથેની એ મુલાકાત પછી તો ઘણા મહિના વિત્યા ત્યાં અચાનક એક દિવસ ઉષાબહેનનો ફોન આવ્યો, ‘બેન દેથલી-સિદ્ધપુરમાં અમારા ફલાણાભાઈના ત્યાં દીકરી જન્મી અને અમે દાંડી પીડાવી.’ ઉપાબહેનનો ફોન પત્યો ને કિશનકાકાએ પણ આજ

વધામણી આપી. એમણે કહ્યું,

‘બેન અમારા ડીસા અને દેથલી- સિદ્ધપુરની નટ વસાહતમાં દીકરી જનમશે તો પણ દાંડી પીટવાનો રિવાજ અમે કરી દીધો છે. તમે જયારથી આ બાબતે કહ્યું ત્યારથી મન ડંખતું’તું પણ હવે બધુ બરાબર છે.’

આટલી સરળતાથી આપણે કોઈ બાબતો સ્વીકારી શકીએ? પ્રશ્ન ખુલ્લો છે...

આવા નટ સમાજના લગ્ન મહાલવા એ પણ લાહવો છે. મંડપમાં ચાર ખૂણે ચાર લોટા અથવા ઘડા મૂકવામાં આવે. જેમાં એક એક રૂપિયો નાખવામાં આવે અને આ ચારેય ખૂણાને કાચા સૂતરથી બાંધવામાં આવે. જેના લગ્ન થવાના છે એ વર વધુના કુંટુંબીજનો ચોરીની બહાર જ છેડાછેડી બાંધી દે પછી કન્યા અને વર બંને સૂતરથી બાંધેલી ચોરીમાં સૂતરને અડક્યા વગર પ્રવેશે. ભૂલથી જો સૂતરના તાંતણાને બંનેમાંથી કોઈ અડકી જાય તો તેના પરિવાર પાસે નાતપંચ દંડ વસૂલે. સૂતરને કેમ અડકવાનું નહીં એ અંગે કીશનકાકા જણાવે છે કે, “ચોરીએ સૌથી પવિત્ર જગ્યા કહેવાય અમે એને ભગવાનની ચોરી જ કહીએ એમાં સાક્ષાત ભગવાન છે જેની સાક્ષીએ જ લગ્ન થવાના છે એટલે એમાં કોઈ ચૂક ના ચાલે. એકવાર ચોરી બંધાયા પછી વરઘોડિયા સિવાય કોઈ જ અંદર પ્રવેશી ના શકે.’ ચોરીમાં અગ્નિની સાક્ષીએ તેમના ફેરા થતા નથી. અલબત ચોરીમાં વર કન્યા સિવાય બીજુ કોઈ વ્યક્તિ કે વસ્તુ હોતી નથી. ચોરીમાં પ્રવેશીને તેઓ પોતાની મેળે ચાર ફેરા ફરી લે છે. ફેરા પતે એટલે સુતરને અડકાય નહીં એ રીતે તેઓ બહાર નીકળી જાય છે. કોઈ મંત્રો નહીં, કોઈ વિધી નહીં બધુ જ કુદરતની અને નાતપંચની સાક્ષીએ.

લગ્નમાં બંને પક્ષના સગાસંબંધી વાસણ, ગોદળા, ખાટલા અને ચાંલ્લા પેટે પૈસા આપે આમ નવદંપતીનું ઘર નવી ઘરવખરીથી ભરાઈ જાય અને ચાંલ્લાની રકમમાંથી મોટાભાગનો લગ્નખર્ચ પણ નીકળી જાય. જમણવારમાં ડીસામાં તો આજે પણ તેમની જુની પરંપરા પ્રમાણે દાળ, ભાત અને તેલમાંથી બનાવેલા લાડુનુ ચલણ છે. કીશનકાકાના કહેવા પ્રમાણે ‘લગ્ન લેનારના ઘરમાં દેવું ના થઈ જાય એનું અમે ધ્યાન રાખીએ છીએ અને એટલે જ જેટલી સાદાઈથી બધુ કરી શકાય તેટલું કરવા અમે કોશીશ કરીએ છીએ.’

આપણે સૌ જેને નાના સમાજ કહીએ છીએ તે નટ સમાજમાં ખુલ્લાપણું વધારે હોવાનું જણાય છે. આમ તો આખો સમાજ આર્થિક રીતે નબળો છે છતાં સાવ દરિદ્ર અવસ્થામાં જીવતા નટ પરિવારના પ્રસંગો પણ આ સમાજ કેવી રીતે પાર પાડે છે તે વાતો પણ સમજવા જેવી છે. આવતા અઠવાડિયે એની વાત કરીશું.